વાવોલમાંથી વન ડે ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા ત્રણ ઝડપાયા

એલસીબીએ મકાનમાં દરોડો પાડી ૫૭ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામની ડીફેન્સ કોલોનીમાં વર્લ્ડકપ વન ડે ક્રિકેટ મેચ પર સટ્ટો રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે આજે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડીને ત્રણ સટ્ટોડીયાઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. એલસીબીની ટીમે સાત મોબાઈલો અને એલ.ઈ.ડી. સહીત રૂ. ૫૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને ત્રણેય શખ્સોની ધરપકડ કરી લીધી છે.

ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમારને બાતમી મળી હતી કે વાવોલ ગામમાં સ્થિત ડીફેન્સ કોલોની મકાન નં. ૧૯૨૦માં વેસ્ટ ઈન્ડિઝ-ઝીમ્બામ્વે વચ્ચે ચાલી રહેલી વર્લ્ડ કપ વન ડે ક્રિકેટ મેચ પર સટ્ટો રમાઈ રહ્યો છે. જેને આધારે તેમની ટીમે દરોડો પાડી મકાનમાંથી ત્રણ સટ્ટોડીયાઓને ઝડપી પાડ્યા હતા. મુળ અમરેલીના ધારી વિસ્તારનો અને હાલ ડીફેન્સ કોલોનીમાં મકાન નં. ૧૯૨૦માં રહેતાં કિશોરસિંહ બચુજી ગોડાળા, મુળ રાંધેજા ચૌહાણ વાસના મકાન નં. ૯/૧૩૭ અને હાલ વાવોલના શાલીન-૪ એપાર્ટમેન્ટમાં બ્લોક નં. બી/૧, મકાન નં. ૯ ખાતે રહેતો અજય જીલુસિંહ પઢાર તથા વાવોલના દરબાર વાસમાં રહેતા રવિ મનુસિંહ ગોલ ત્રણેય શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી છે. ત્રણેય સટ્ટોડીયાઓ પાસેથી રોકડ રૂ. ૪૦૦, રૂ. ૧૬,૫૦૦ ની કિંમતના ૭ નંગ મોબાઈલ, ૪૦ હજારનું એલસીડી ટીવી તથા લખાણનો ચોપડો મળી કુલ રૂ. ૫૬,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

બપોરે ગરમીનું પ્રમાણ વધતા વાહનવ્યવહારમાં ૩૦ ટકા ઘટાડો

પોલીસના કહેવાથી હેલ્મેટ ના પહેરતા ટુ વ્હીલર ચાલકો બપોરે ગરમીથી બચવા હેલ્મેટ પહેરવા લાગ્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સહિત રાજ્યભરમાં એકાએક વાતાવરણમાં દિવસના સમયે ગરમીનં પ્રમાણ વધી જવા પામ્યું છે. જ્યારે રાત્રીના સમયે ઠંડીનો માહોલ યથાવત રહ્યો છે. બેવડી ઋતુના આ સંજોગોમાં બપોરના સમયે ગરમીના કારણે પાટનગરના રાજમાર્ગો પર ટ્રાફિકના પ્રમાણમાં ૨૫ થી ૩૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

બપોરના ૧ થી ૪ વાગ્યાના સમય દરમ્યાન ગરમીનુંપ્રમાણ આકરા ઉનાળા જેવું થઈ જાય છે. જેના કારણે નગરના માર્ગો પર અત્યાર સુધી છેલ્લા ચાર-પાંચ માસના સરેરાશ રૂટિન ટ્રાફિકના પ્રમાણમાં ખૂબ ઓછો વાહન વ્યવહાર જોવા મળી રહ્યો છે. એક અંદાજ મુજબ બપોરના સમયે રોજીંદા વાહનવ્યવહારમાં લગભગ ૨૫ થી ૩૦ ટકાનો ઘટાડો જોવા મળી રહ્યો છે. હજુ ઉનાળો માંડ દરવાજે આવીને ઉભો છે ત્યાં બપોરની આ ગરમીએ નગરજનો પર કરેલી અસરથી આવનારા બે-ત્રણ માસમાં શુ સ્થિતિ થશે તેનો અંદાજ બાંધી શકાય તેમ છે. ટુવ્હીલર્સના ચાલકો જે પોલીસના કહેવાથી પણ હેલ્મેટનો ઉપયોગ નહોતા કરતા તેઓ બપોરે સૂર્ય તાપથી બચવા હેલ્મેટનો સહારો લેતા નજરે ચઢે છે. ઘણા નગરજનો પોતાના અગત્યના કામ સિવાયના કાર્યો અન્ય સમયે કરવાનુ આયોજન કરી બપોરના સમયે ઘર કે ઓફિસની બહાર નીકળવું પડે તે ટાળી રહ્યા છે. જેના કારણે વાહનવ્યવહારમાં આ ઘટાડો દેખાઈ રહ્યો છે.

નગરમાં ગરમી વધતા નગરજનોમાં સ્વાઈન ફ્લુની બિમારી નિયંત્રણમાં આવશે તેવો આશાવાદ દેખાઈ રહ્યો છે. પરંતુ હજુ પણ રાત્રીના સમયે છેક વહેલી સવાર સુધી પડતી ઠંડીના કારણે આ આશાવાદ ધૂળમા મળી રહ્યો છે. ઠેર ઠેર ઉનાળાને આવકારવા ઠંડા પીણા અને આઈસ્ક્રીમ પાર્લરો સહિત લીંબુ શરબત-સોડાવાળાની લારીઓ વગેરેએ જોશભેર તૈયારીઓ કરી લીધી છે અને મધુરના પાર્લરો પર છાશની માંગમાં પણ વધારો થવા પામ્યો છે.

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન નગરને ગ્લોબલ ઓપ આપવા ચઢાવાયેલા વાઘા હવે ઉતરી ગયા છે. અને વાસ્તવિકતા નજરે ચઢવા લાગી છે. પંચદેવ મંદિરના સામે આવેલ આ બસ સ્ટોપ તેનું નમૂનારૂપ સાક્ષી છે. આ બસ સ્ટેન્ડને વાઈબ્રન્ટ લુક આપવા વાદળી રંગના માહિતી દર્શક બોર્ડ લગાવાયા હતા જે કોઈ ગઠિયો ચોરી જતા બસ સ્ટેન્ડનું વાસ્તવિક સ્વરૂપ તંત્રની પોલ ખોલી રહ્યું છે. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

અંબાપુરની ઝાડીઓમાંથી વૃદ્ધનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો

અમદાવાદના ૬૦ વર્ષીય વૃદ્ધની ગળુ દબાવીને હત્યા થઈ હોવાની આશંકા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીક આવેલા અંબાપુર ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલની બાજુની ઝાડીઓમાંથી આજે બપોરના અરસામાં એક ૬૦ વર્ષીય વૃદ્ધનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી મૃતકના ખિસ્સામાંથી મળેલા મોબાઈલને આધારે પરિવારજનોનો સંપર્ક કરી બોલાવી લીધા છે. પ્રાથમિક તપાસમાં વૃદ્ધની ગળુ દબાવીને હત્યા કરવામાં આવી હોવાની આશંકા છે.

ઝુંડાલ ગામના સરપંચે અંબાપુર કેનાલ પાસેની ઝાડીઓમાં બિનવારસી હાલતમાં પડેલા એક વૃદ્ધના મૃતદેહની જાણ અડાલજ પોલીસને કરતાં જમાદાર ભીખાભાઈ તથા તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મૃતદેહ જોતા બે-ત્રણ દિવસ જુની લાશ હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી છે. મૃતકના ખિસ્સામાંથી મળેલા મોબાઈલને આધારે જાણ થઈ કે મૃતદેહ અમદાવાદના સાબરમતી વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધ લક્ષ્મીચંદ બાબુલાલ સોનીનો છે. પરિવારજનોને જાણ કરીને ઘટનાસ્થળે બોલાવી મૃત્યુનું કારણ બહાર લાવવા પોસ્ટમોર્ટમ માટે મૃતદેહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યો હતો. વૃદ્ધની ગળુ દબાવીને હત્યા કરાઈ હોવાની શક્યતા ગળા પાસે પડેલા ઉઝરડા તથા અન્ય નિશાનને આધારે વ્યક્ત થઈ રહી છે. જો કે ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ અને એફએસએલના રીપોર્ટ બાદ બહાર આવશે. અડાલજ પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માતદ મોતનો ગુનો નોંધી ઊંડી તપાસ શરૂ કરી છે.

સે-૨૫ જીઆઈડીસી સર્કલ પાસે ટ્રેકટર પલ્ટી ખાઈ ગયું

ટ્રેકટરમાં સવાર પાંચ ઘાયલ : રાત્રે બે વાગ્યે બનેલી ઘટના

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી ઈ.કયુ.ડી.સી. સર્કલ પાસે રાત્રે બે વાગ્યાના અરસામાં એક ટ્રેકટર પલ્ટી મારી જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટ્રેકટરમાં સવાર પાંચ વ્યકિતઓ ઘવાયા હતાં. પાંચેયને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતાં. જો કે સદભાગ્યે આ અકસ્મતામાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગરના સે-૨૫ જીઆઈડીસી પાસેના માર્ગપરથી રાત્રીના બે વાગ્યાના સુમારે પસાર થઈ રહેલું એક ટ્રેકટર ઈ.કયુ.ડી.સી. સર્કલ નજીક અચાનક પલ્ટી મારી ગયું હતું. ટ્રેકટરમાં સવાર પાંચ વ્યકિતઓ આ અકસ્માતમાં ઘાયલ થયા હતા જે પાંચેયને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ખસેડવામાં આવ્યા હતાં. પાંચ પૈકી બે યુવાનો ટીમાભાઈ ખાંટ ઉ.વ. ૨૮ અને ભરતભાઈ ખાંટ ઉ.વ. ૨૫ની હાલત વધુ ગંભીર હતી. સદનસીબે ટ્રેકટર પલ્ટીના આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી નથી.

ઈસનપુર મોટા ખાતે આર્યુવેદિક ઉકાળાનું વિતરણ

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ખાતે સ્વાઈન ફ્લુ પ્રતિરોધક આર્યુવેદિક ઉકાળાનું ગ્રામજનોને વિતરણ કરાયું હતું. આ સેવાકાર્ય માટે ઈસનપુરના માનવ કલ્યાણ ટ્રસ્ટના ટ્રસ્ટી રમેશભાઈ બી. પટેલ, જયંતિભાઈ મગનભાઈ પટેલ, ગોવિંદભાઈ કેશવલાલ પટેલ તેમજ ગામના સરપંચ રમણભાઈ પટેલ વગેરેએ જહેમત ઉઠાવી હતી. આ આર્યુવેદિક ઉકાળો ચિલોડાની ઉમિયાનગર સોસાયટીમાં રહેતા ડૉ. ભાવેશના માર્ગદર્શન હેઠળ ગામના યુવાનો દ્વારા કરાયો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

યુનાઈટેડ સ્કુલ ઓફ લૉ દ્વારા લીગલ સર્વિસ કિલનીકની સ્થાપના

હાઈકોર્ટના જસ્ટીસ કે.એ. ઝવેરીએ ઉદઘાટન કર્યું

ગ્રામ્ય વિસ્તારના રહીશોને મફત કાનૂની સહાય અપાશે

ગાંધીનગર, તા. ૨૨

યુનાઈટેડ સ્કુલ ઓફ લૉ દ્વારા ગ્રામ્ય વિસ્તારના રહીશોને વિના મૂલ્યે કાનૂની સહાય પૂરી પાડવા 'લીગલ સર્વિસ કિલનીક'ની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ કે.એ. ઝવેરીએ કિલનીકનું આજે ઉદઘાટન કર્યું હતું.

યુનાઈટેડ સ્કુલ ઓફ લૉ દ્વારા ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટીના નેજા હેઠળ તેમજ ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સહયોગથી ઉવારસદ સ્થિત કોલેજ ખાતે 'લીગલ સર્વિસ કિલનીક'ની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ કે.એ. ઝવેરીએ આજે આ સર્વિસ કિલનીકનું ઉદઘાટન કર્યું હતું.

આ કિલનીક શરૂ થતાં આસપાસના ઉવારસદ, પુંદ્રાસણ, વાવોલ, તારાપુર, શેરથા, ટીંટોડા, કરસનપુરા, સૈજ વાસણ હડમતિયા, કોલવડા, મોટી આદરજ તેમજ અડાલજ સહીતના ગામોમાં ગરીબ અને જરૂરીયાતમંદ લોકોને કાનૂની સહાય પુરી પાડવામાં આવશે. લીગલ સર્વિસ કિલનીકના માધ્યમથી ઉવારસદ ગામ આસપાસના લોકોને સરળતાથી વિના મૂલ્યે કાનૂની સહાય પુરી પાડવામાં આવશે. યુનાઈટેડ વર્લ્ડ દ્વારા આ બાબતે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. આ કિલનીકની કાર્યવાહી પેરાલીગલ વોલેન્ટીયર્સ, વિદ્યાર્થીઓ અને યુ.એમ.ડબલ્યુ.એલ. દ્વારા નક્કી કરાયેલા અધ્યાપકગણ દ્વાર હાથ ધરવામાં આવશે. આ પ્રવૃત્તિનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને સામાન્ય લોકો દ્વારા સામનો કરવો પડતો હોય તેવી સમસ્યાઓ બાબતે સંવેદનશીલ બનાવી તેના નિવારણ માટે સજ્જ બનાવવાનો છે. ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા લોકોને સમયાંતરે વિના મૂલ્યે સલાહ આપવા માટે પોતાના એડવોકેટસની પેનલ મોકલવામાં આવશે. આ ઉપરાંત વિદ્યાર્થી વોલીન્ટીયર્સ પણ સ્થાનિક લોકોના વિચારોને આગળ વધતા અટકાવી તેનો હલ કરવા તથા હાલમાં કેસોનું અતિશય ભારણ ધરાવતી અદાલતોમાં કેસોનું ભારણ નિવારવા પ્રયાસ કરાશે. સમારંભ દરમિયાન યુનાઈટેડ સ્કુલ ઓફ લૉ દ્વારા શરૂ કરાયેલા પ્રથમ અને અનોખા ન્યુઝલેટર 'ન્યૂઝ ઈન સાઈટ'નું ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ કે.એ. ઝવેરીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

મનપા દ્વારા ઘેર ઘેર ડસ્ટબીનનું વિતરણથી નગરજનો પ્રભાવિત

ગાંધીનગર, તા. ૨૪

દેશમાં સ્વચ્છતા અભિયાનની જ્યારથી વડાપ્રધાને ઝુંબેશ ઉપાડી છે ત્યારથી સલંગ્ન તંત્ર આ બાબતે તત્પરતા દાખવી રહ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા પણ સતત સ્વચ્છતા સંદર્ભે કામગીરી કરી રહ્યું છે. જેમાં હાલ ઘેરઘેર ડસ્ટબીનનું વિતરણ થઈ રહ્યું છે. જેથી તંત્રની સ્વચ્છતા અંગેની ચપળતાની નગરજનોમાં ચર્ચા અને કામગીરીથી પ્રભાવિત થયા છે. જો કે તંત્રએ નગરજનોને આ સાથે બાકી કરવેરો ભરવા માટેની અપીલ પણ કરી છે. લોક જાગૃતિથી જ સુંદર અને સ્વચ્છ તથા સ્વસ્થ નગરની અપેક્ષા તંત્ર રાખી રહ્યું છે. જે સરાહનીય બાબત બની છે.

ગાંધીનગર મહાનગર પાલિકાએ વાઈબ્રન્ટ સમિટના આયોજન પહેલા શહેરને એકદમ સ્વચ્છ અને રળીયામણુ બનાવવા તમામ પ્રયાસો કર્યા હતા અને તે સૌ કોઈને નજર સમક્ષ દેખાતા પણ હતા. વડાપ્રધાનની સ્વચ્છતા ઝુંબેશ સમગ્ર દેશને સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ રાખવાની છે જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાએ અત્યંત ઊંડાણપૂર્વક રસ લીધો છે. જેના ભાગરૂપે નગરના તમામ સેક્ટર તથા માર્ગો ઉપર દૈનિક સાફ સફાઈ કામદારો કરી રહ્યા છે. વધુમાં ઘર આંગણા પણ ચોખ્ખા અને સાફ સુથરા રહે તે હેતુથી હાલમાં ઘેર ઘેર પાલિકાએ ડસ્ટબીન વિતરણનું અભિયાન હાથ ધર્યું છે. જેથી નગરજનોએ પાલિકાની આ કાર્ય પદ્ધતિને આવકારી છે તેમજ સ્વચ્છતા સંદર્ભેની તમામ કામગીરીથી તેઓ પ્રભાવિત બન્યા છે. જો કે તંત્રએ નગરના શાકમાર્કેટ, જાહેર સ્થળો, ખાણીપીણી વિસ્તાર વગેરે ઉપર પુરતુ ધ્યાન આપવાની જરૂર હોવાનું નગરજનો માની રહ્યા છે.

પાલિકાએ ડસ્ટબીન વિતરણની કામગીરીમાં રોકેલ કર્મચારીઓને ઘેર ઘેર સુધી ડસ્ટબીન પહોંચે તેવી સુદૃઢ કામગીરી કરવા જણાવ્યું છે. અને સાથોસાથ જે કોઈનો મકાન વેરો બાકી હોય તેને કરવેરો ભરી દેવા અપીલ પણ કરવા જણાવેલ છે. જેથી હાલમાં તંત્રની નમ્રતાભરી આ કામગીરીથી સૌ નગરજનો પ્રભાવિત બન્યા છે.

પાણી-ગટર વ્યવસ્થા બોર્ડ ઉકાળાનું વિતરણ કરશે

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કર્મચારી અધિકારી મંડળ ગાંધીનગર દ્વારા સ્વાઈન ફ્લુ રોગ પ્રતિકારક આયુર્વેદક ઉકાળાનું મફત વિતરણ કરવામાં આવશે.

ગુજરાતમાં સ્વાઈન ફ્લુ વિકરાળ બન્યો છે રાજયના મંત્રીઓથી લઈને નાગરિકો સ્વાઈન ફ્લુના ભરડામાં સપડાયા છે ત્યારે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ મંડળ દ્વારા આજે બુધવાર સવારે ૧૦.૦૦ વાગે જલસેવા ભવન સેકટર-૧૦-એ ખાતે નિઃશુલ્ક ઉકાળાનું વિતરણ કરવામાં આવશે. કર્મચારી-અધિકારીઓ અને નાગરિકોને સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળો પીવા જણાવાયું છે.

સિસિકાની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

સિનિયર સિટીઝન કાઉન્સીલ ગાંધીનગરની માસિક બેઠક આગામી ૨૮ ફેબ્રુઆરી શનિવાર બપોરે ૪-૦૦ વાગે સેકટર-૭ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજની વાડી ખાતે યોજાશે. આ પ્રસંગે સ્વ. એમ.ડી. પટેલ અને સ્વ. એચ.કે. મેવાડા સ્મૃતિ વ્યાયાન માળા સંદર્ભે ગાંધીનગરના વિકાસની વિસ્તરતી ક્ષિતિજો વિષય પર ગાંધીનગરના મેયર વકતવ્ય આપશે. જેમાં કાઉન્સિલના તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૬
સૂર્યાસ્ત : ૬.૪૧

તાપમાન

મહત્તમ : ૩૭.૩ ડિ.સે.
લઘુત્તમ : ૧૭.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૫ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બદલાપુર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

રોય : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

બદલાપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

બદલાપુર : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

રોય : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

રોય : ૧૦.૦૦

ષમિતાભ : ૧.૦૦, ૧૦.૦૦

બેબી : ૩.૪૫

સનડામારુથમ (તમિલ) : ૭.૦૦

સ્ક્રીન-૫ :

બદલાપુર : ૧૦.૦૦

રોય : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫

બેબી : ૯.૪૫

આપની આજ

મેષ : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : વ્યાપાર-વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર-ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

ચિરવિદાય

- સ્વ. બાબુભાઈ જીવાભાઈ સોલંકી (ઉ.વ.૫૦) આદિવાડા, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. પટેલ સુરજબેન મફતલાલ (ઉ.વ.૮૫) પ્લોટ નં. ૯૮૬/૨, સેકટર-પસી, ગાંધીનગર